# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-06-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*************************************************

✓ NDA સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી આજે સાંજે પ્રધાનમંત્રી પદે અને નવા મંત્રીમંડળના સભ્યો પણ શપથગ્રહણ કરશે- વિવિધ દેશના વડાઓ ઉપસ્થિત રહેશે..

✓ શિક્ષણ મંત્રાલય દ્વારા નીટની પ્રવેશ પરીક્ષાના પરિણામોની તપાસ માટે ઉચ્ચસ્તરિય સમિતિની રચના. - ઉમેદવારોને આપવામાં આવેલા ગ્રેસ માર્કસની તપાસ કરાશે.

✓ આગામી પાંચ દિવસોમાં પૂર્વ અને મધ્ય-પૂર્વ ભારતમાં તીવ્ર ગરમી, જ્યારે મહારાષ્ટ્ર, ઉત્તરી કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતાને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર.

✓ પશ્ચિમ બંગાળ પોલીસે બાંગ્લાદેશ અવામી લીગના સાંસદ અનવારુલ અઝીમની હત્યાના વધુ એક આરોપીની ધરપકડ કરી.

✓ અને આજે ટી-20 વિશ્વકપમાં ગ્રૂપ-એમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે..

******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SWEARINGIN-WORLD LEADERS

રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના નેતા નરેન્દ્ર મોદી નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આજે સાંજે સવા સાત વાગ્યે ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ માટેના શપથ ગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ નરેન્દ્ર મોદી અને તેમની સૂચિત મંત્રીમંડળના સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

અગાઉ, શુક્રવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના વડપણ હેઠળ રાષ્ટ્રીય લોકતાંત્રિક દળનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને નરેન્દ્ર મોદીને ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાનો પત્ર સુપરત કર્યો હતો.

રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના ઘટક પક્ષોનો ટેકો ધરાવતા પત્ર પણ રાષ્ટ્રપતિને સુપરત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના નેતા નરેન્દ્ર મોદી અને તેમનાં મંત્રીમંડળની આજે યોજાનારા શપથવિધિ સમારોહ પ્રસંગે દેશના કેટલાક પાડોશી રાષ્ટ્રોનાં વડાઓને પ્રતિષ્ઠિત મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, નવી સરકારના આ શપથગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિન્દકુમાર જુગનાથ, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પકમલ દહાલ ‘પ્રચંડ’ ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોગબાય, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહમદ અફિફ અને માલદિવના રાષ્ટ્રપતિ ડૉક્ટર મોહમ્મદ મુઈઝુ ઉપસ્થિત રહેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નેતાઓ શપથવિધિ સમારોહ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા આજે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત ભોજન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

શપથગ્રહણ સમારોહ પહેલા નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં રાજઘાટ ખાતે મહાત્મા ગાંધી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની સમાધિ સ્થળ સદૈવ અટલ ખાતે શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી.

# CONGRESS SONIA

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીને સર્વસંમત્તિથી કૉંગ્રેસ સંસદીય દળ – સીપીપીના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. શનિવારે સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં કૉંગ્રેસ નેતા રાજીવ શુક્લાએ જણાવ્યું કે તેમણે આ પદ સ્વીકારી લીધું છે.

આ પૂર્વે કૉંગ્રેસ કાર્ય સમિતિએ સર્વસંમતિથી એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. જેમાં વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા તરીકે પસંદ કરાયા હતા. શનિવારે નવી દિલ્હીમાં સીડબલ્યૂસીની બેઠક બાદ પત્રકારોને સંબોધતા કૉંગ્રેસના નેતા વેણુગોપાલે કહ્યું કે રાહુલ ગાંધીનું નેતૃત્વ એક મજબૂત અને સભાન વિપક્ષનું નિર્માણ કરશે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે લોકસભા ચૂંટણીના પરિણામોએ કૉંગ્રેસમાં પ્રાણ ફૂંકવાનું કામ કર્યું છે. વધુમાં તેમણે કહ્યું કે પક્ષ રાજ્ય સ્તરે ચૂંટણી પ્રદર્શનનું વિશ્લેષણ કરશે. વિસ્તારિત કૉંગ્રેસ કાર્ય સમિતિની બેઠકમાં કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કૉંગ્રેસના તમામ ચૂંટાયેલા સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.

તેમણે કહ્યું કે જ્યાંથી કૉંગ્રેસની ન્યાય યાત્રા શરૂ થઈ હતી, તે મણિપુરમાં કૉંગ્રેસે બે બેઠકો જીતી છે, ઉપરાંત નાગાલેન્ડ, આસામ, મેઘાલયમાં પણ બેઠકો મળી છે. તેમણે કહ્યું સમગ્ર દેશમાં કૉંગ્રેસ પાર્ટીને

લોકતંત્ર તેમજ બંધારણને બચાવવા માટે જનતાનું અપાર સમર્થન મળ્યું છે. શ્રી ખડગેએ કહ્યું કે પક્ષ ઇન્ડિયા બ્લૉકના સાથી પક્ષો સાથે મળીને સંસદની અંદર અને બહાર એકજૂથ થઈને કામ કરશે.

# ODISHA _ CM

ઓડિશામાં આગામી મુખ્યમંત્રીના નામની અકટળો વચ્ચે સોમવારે થનારા શપથવિધિ સમારોહની તૈયારીઓ ચાલી રહી છે. ભુવનેશ્વરના જનતા મેદાનમાં સોમવારે શપથવિધિ સમારોહ યોજાશે. આ પૂર્વે ભાજપના નેતાઓની બેઠક મળશે.

# AKASHWANI LIVE

પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નવી કેન્દ્રીય કેબિનેટનો શપથવિધિ સમારોહ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે. શપથવિધિને જોતા આકાશવાણી પ્રાદેશિક સમાચારના સમયમાં ફેરફાર કરાયો છે, પ્રાદેશિક સમાચાર આપ, સાંજે 6.30થી 6.40 વાગ્યે સાંભળી શકશો. જ્યારે 6.45 થી શપથવિધિ સમારોહનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# NTA -NEET UG

શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય મેડિકલ સ્નાતક પ્રવેશ પરીક્ષા–નીટના પંદરસો ઉમેદવારોને ગ્રેસ માર્ક્સ આપવા મામલે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTAના મહાનિદેશક સુબેધ કુમારે જણાવ્યું કે આ સમિતિની અધ્યક્ષતા સંઘ લોક સેવા પંચ – UPSCના પૂર્વ અધ્યક્ષ કરશે. આ સમિતિ એક અઠવાડિયાની અંદર ભલામણો કરવાની સાથે ઉમેદવારોના પરિણામોની સમીક્ષા પણ કરી શકે છે.

મેડિકલ અને ડેન્ટલ પ્રવેશ પરીક્ષાના પરિણામ 4 જૂનના રોજ જાહેર કરાયા હતા. કેટલાક ઉમેદવારોએ પરીક્ષા પરિણામોનો વિરોધ કરતા બીજીવાર પરીક્ષા લેવાની માગ કરી હતી. આ મામલે વિદ્યાર્થીઓએ ન્યાયાલયમાં પણ અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે નીટ માટે દેશભરમાંથી 24 લાખથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી 97 ટકા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## UP-PAPER LEAK

ઉત્તરપ્રદેશમાં પેપર લીક મામલે સરકાર નવો કાયદો લાવવા જઈ રહી છે. લખનઉમાં પ્રાદેશિક ભરતી પંચના અધ્યક્ષો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધન કરતા, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પેપર લીક જેવી અરાજક પ્રવૃત્તિઓને અસ્વીકાર્ય ગણાવી. વધુમાં તેમણે કહ્યું કે આ મામલે ઉદાહરણ પ્રસ્તૂત કરતા કડક પગલાં લેવા  જોઈએ.

ભરતી પરીક્ષાઓની વ્યવસ્થામાં સુધાર માટેના કેટલાક ઉપાયો અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, માત્ર સરકાર કે સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાનોનો જ પરીક્ષા કેન્દ્રો તરીકે સમાવેશ થશે. આવા દરેક કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા હોવા જોઈએ. પરીક્ષા કેન્દ્રો માત્ર શહેરી વિસ્તારોમાં જ હોવા જોઈએ.

## IMD WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં પૂર્વ અને મધ્ય-પૂર્વ ભારતમાં તીવ્ર ગરમીની આગાહી કરી છે. જ્યારે મહારાષ્ટ્ર, ઉત્તરી કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામણિએ આકાશવાણી સાથેની વાતચીતમાં કહ્યું કે, નૈઋત્ય ચોમાસું, દક્ષિણ મહારાષ્ટ્ર, દક્ષિણ કોંકણ અને તેલંગાણામાં આગળ વધી રહ્યું છે.

આ ઉપરાંત દક્ષિણ છત્તીસગઢ, દક્ષિણ ઓડિશા અને તટિય આંધ્ર પ્રદેશમાં પણ ચોમાસું આગળ વધી રહ્યું છે. જેને કારણે મધ્ય મહારાષ્ટ્ર સહિત દેશના દક્ષિણના ભાગોમાં વરસાદને કારણે ઓરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

# MAHA ALERT

હવામાન વિભાગે મહારાષ્ટ્રનાં રત્નાગિરિ, સિંધુદુર્ગ, સતારા અને કોલ્હાપુરના જિલ્લાઓમાં ભારે વરસાદને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના અહમદ નગર અને નાસિક જિલ્લામાં ગાજવીજ અને તોફાન સાથે વરસાદ પડી શકે છે. થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લામાં પણ યલો અલર્ટ જાહેર કરાયું છે. દરમિયાન આજે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ક્યાંક ક્યાંક હળવો વરસાદ પડ્યો હતો.

# KERALA

કેરળમાં માછીમારોને દરિયો ખેડવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આજ રાતથી લાગુ થઈ રહેલો આ પ્રતિબંધ આગામી 52 દિવસો અમલી રહેશે. જોકે પારંપરિક બોટોને આ પ્રતિબંધ લાગુ નહીં પડે. બંદરગાહ અને માછલી કેન્દ્રો પર ડીઝલ બંકર તદ્દન બંધ રહેશે.

રાજ્ય સરકારે અન્ય રાજ્યોના માછીમારોને પણ કેરળનો દરિયો છોડી દેવા માટે નિર્દેશ કર્યો છે. પ્રતિબંધ દરમિયાન તટિય વિસ્તારોમાં રહેતા માછીમારોને રાજ્ય  સરકાર દ્વારા મફત રાશન પૂરું પાડવામાં આવશે.

# WB - ARREST

પશ્ચિમ બંગાળ પોલીસે બાંગ્લાદેશ અવામી લીગના સાંસદ અનવારુલ અઝીમ અનારની હત્યાના વધુ એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી સિયામ હુસૈનને ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક ઉત્તર 24 પરગણા જિલ્લામાંથી પકડી પાડ્યો છે.

પકડાયેલો આ આરોપી મૂળ બાંગ્લાદેશના ભોલા જિલ્લાના બુર હાનુદ્દીનનો છે. બાંગ્લાદેશના સાંસદની હત્યા બાદ આરોપી હુસૈન નેપાળ ભાગી ગયો હતો. પોલીસે અગાઉ, આ મામલે એક આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર મુખ્ય આરોપી અખ્તરુ જમન શાહીનને શોધવામાં મદદ કરવા માટે ઈન્ટરપોલનો સંપર્ક કરવામાં આવ્યો છે.

# T20 WORLDCUP MATCH

I.C.C. ટી-20 વિશ્વકપની 19મી મેચ આજે ભારત અને પાકિસ્તાનની ટીમ વચ્ચે ન્યૂયોર્કમાં રમાશે. જ્યારે બીજી મેચ ઓમાન અને સ્કોટલેન્ડ વચ્ચે એન્ટીગુઆમાં રમાશે.

કેપ્ટન રોહિત શર્માની આગેવાનીમાં ભારતે આયર્લેન્ડ સામે આઠ વિકેટથી જોરદાર જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કરી હતી. જ્યારે પાકિસ્તાનની ટીમે યુએસએ સામે સુપરઓવરમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

દરમિયાન ગુઆનાના પ્રૉવિડન્સ સ્ટેડિયમ ખાતે આજે સવારે વેસ્ટ ઈન્ડિઝે યુગાન્ડાને ગ્રૂપ 'સી' મેચમાં 134 રનથી હરાવ્યું હતું. 174 રનના લક્ષ્યાંક બાદ યુગાન્ડાની ટીમ 12 ઑવરમાં 39 રનના ઓછા સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. યુગાન્ડાના માત્ર એક જ બેટ્સમેન 13 રન બનાવી શક્યા. જ્યારે અકેલ હોસીને વેસ્ટ ઈન્ડિઝ માટે પાંચ વિકેટ ઝડપી હતી.

## French Open

પેરિસમાં આજે ફ્રેન્ચ ઓપન ટેનિસની મેન્સ સિંગલ્સની ફાઇનલમાં સ્પેનના કાર્લોસ અલ્કારાઝનો મુકાબલો જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે થશે.

જ્યારે 21 વર્ષીય અલ્કારાઝ તેના ત્રીજા ગ્રાન્ડ સ્લેમ ખિતાબ માટે પ્રયાસ કરશે, તો 27 વર્ષીય ઝવેરેવ પ્રથમ ખિતાબ માટે પ્રયત્ન કરશે. અલ્કારાઝે 2022માં યુએસ ઓપનની હાર્ડ કોર્ટ્સ અને 2023માં વિમ્બલ્ડનની ગ્રાસ કોર્ટ્સ પર વિજય મેળવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલેન્ડની ઇગા સ્વાઇતિકે ગઈકાલે ફ્રેન્ચ ઓપનની મહિલા સિંગલનું ટાઇટલ જીત્યું હતું. તેણે ઈટાલીની જાસ્મિન પાઓલિનીને 6-2, 6-1થી હાર આપી અને સતત ત્રણ ફ્રેન્ચ ઓપન ટાઇટલ જીતનારી ત્રીજી મહિલા બની હતી.